### AC ચેમ્બરમાં બેસી અધિકારીઓએ વેઠ ઉતારી હોવાનો રહીશોનો આક્ષેપ

# વડોદરામાં ગુજરાત હાઉસિંગ બોર્ડની વિવાદાસ્પદ કાર્યવાહી સ્થળ તપાસ વિના ૨૨ સ્કીમના ૪,૨૯૬ મકાનોને નોટિસ

**મકાનોની** જર્જરિત સ્થિતિ અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને રહીશોએ પોતાના ખર્ચે જરૂરી સમારકામ કે રિનોવેશન કરાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.7

શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડની વસાહતોમાં તંત્ર દ્વારા કરવામાં આવેલી એક મોટી અને સરચક્રાત્મક કાર્યવાહીને પગલે રહીશોમાં તીવ્ર અસંતોષ અને આક્રોશ ફાટી નીકળ્યો છે. ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા શહેરની અલગ-અલગ ૨૨ જેટલી યોજનાઓ હેઠળ આવતા આશરે ૪,૨૯૬ જેટલા મકાનમાલિકોને સામૂહિક રીતે નોટિસો ફટકારવામાં આવી છે.

પોતાના મકાનોમાં રિનોવેશન કે સમારકામ કરાવનાર રહીશોને લક્ષ્ય બનાવીને આ નોટિસો ઈશ્યૂ કરવામાં આવતા સમગ્ર શહેરમાં આ મુદ્દો ભારે ચર્ચાનો વિષય બન્યો છે. તંત્ર દ્વારા લેવાયેલા આ આકરા પગલા સામે સ્થાનિક રહીશોએ ભારે વિરોધ દર્શાવ્યો છે. લોકોનો સીધો આરોપ છે કે હાઉસિંગ બોર્ડના અધિકારીઓએ કોઈપણ જાતની સ્થળ તપાસ કે ભૌતિક નિરીક્ષણ



કર્યા વગર જ માત્ર ટેબલ પર બેસીને વેઠ ઉતારી છે.

રહીશોએ આક્ષેપ કર્યો હતો કે જવાબદાર અધિકારીઓ પોતાની એસી ચેમ્બરોમાં બેસીને કાગળ પર મનસ્વી રીતે નિર્ણયો લઈ રહ્યા છે, જેના કારણે સામાન્ય અને નિર્દોષ નાગરિકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, મકાનોની જર્જરિત સ્થિતિ અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને રહીશોએ પોતાના ખર્ચે જરૂરી સમારકામ કે રિનોવેશન કરાવ્યું હતું. પરંતુ તંત્ર દ્વારા પરિસ્થિતિની ગંભીરતા કે વાસ્તવિકતા સમજ્યા વિના જ જથ્થાબંધ નોટિસો વહેંચી દેવામાં આવી છે.

અધિકારીઓની આવી બિનજવાબદાર અને અસંવેદનશીલ કામગીરી સામે હવે રહીશોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે અને આગામી દિવસોમાં આ મુદ્દે તંત્ર સામે મોરચો માંડવાની તથા વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી રહી છે.

### પ્રથમ તબક્કામાં ૩૧મી ઓગસ્ટ સુધી ઓનલાઈન અરજીઓ સ્વીકારાશે

# શિક્ષકોના પેન્શન-પગાર અને રજાના પ્રશ્નો ઉકેલવા સેવા સમાધાન પોર્ટલ શરૂ

**3 મિનિટમાં** અરજી, SMS દ્વારા મળશે અપડેટ, રાજ્ય કક્ષાએ થશે સીધું મોનિટરિંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓના શિક્ષકોના વહીવટી અને સેવાકીય પ્રશ્નોના ઝડપી, પારદર્શી અને સમયબદ્ધ ઉકેલ માટે શિક્ષણ વિભાગે સેવા સમાધાન પોર્ટલ લોન્ચ કર્યું છે. આ પોર્ટલથી રાજ્યભરના 3 લાખથી વધુ શિક્ષકોને સીધો લાભ મળશે.

સરકારનો મુખ્ય અભિગમ કલાસરૂમ ફર્સ્ટ છે. તમામ સેવાકીય પ્રક્રિયાઓ ઓનલાઈન થતા શિક્ષકો પરનો વહીવટી બોજ ઘટશે અને તેઓ શિક્ષણની ગુણવત્તા સુધારવા પર વધુ ધ્યાન આપી શકશે. ઉપરાંત હવે શિક્ષકોને પોતાની રજૂઆતો માટે તાલુકા કે જિલ્લા કચેરીઓના ચક્કર કાપવાની જરૂર રહેશે નહીં. શિક્ષણ વિભાગના આ પોર્ટલ દ્વારા ફિક્સ પગારમાંથી કાયમી નિમણૂક, ઉચ્ચતર પગાર ધોરણ, સીપીએફ જીપીએફ રજા મંજૂરી, પેન્શન, એરિયર્સ સહિતના વિવિધ સેવાકીય પ્રશ્નોનું ઓનલાઈન અને સમયબદ્ધ નિરાકરણ શક્ય બનશે. સરકારના જણાવ્યા મુજબ આ પહેલ શિક્ષક-કેન્દ્રિત વહીવટ અને સુશાસનની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. શિક્ષણ મંત્રીના કહ્યા અનુસાર પોર્ટલના પ્રથમ તબક્કામાં 31 ઓગસ્ટ, 2026 સુધી ઓનલાઈન અરજીઓ સ્વીકારવામાં આવશે. હાલમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ લાંબા સમયથી પડતર રહેલી અરજીઓ જ આ પોર્ટલ મારફતે રજૂ કરી શકાશે. દર મહિને જિલ્લાવાર ફરિયાદોના સમયબદ્ધ નિકાલ માટે સમીક્ષા બેઠક પણ યોજાશે. પોર્ટલમાં ટીચર કોડ અને ઓટીપી દ્વારા સુરક્ષિત લોગિન, માત્ર 3 મિનિટમાં અરજી નોંધણી, રિયલ-ટાઈમ સ્ટેટસ ટ્રેકિંગ અને દરેક તબક્કે એસએમએસ અલર્ટ જેવી સુવિધાઓ આપવામાં આવી છે. જો અરજીના નિકાલથી શિક્ષક સંતોષ ન હોય તો તેઓ રિઓપન વિકલ્પ પસંદ કરીને ફરીથી સમીક્ષા માટે અરજી કરી શકશે. સેવા સમાધાન પોર્ટલ દ્વારા હવે રાજ્ય સરકારને દરેક જિલ્લામાં કેટલા પ્રશ્નો અને ફરિયાદો પેન્ડિંગ છે તેની સીધી માહિતી મળશે. જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને નગરપાલિકા વિસ્તારના સંબંધિત અધિકારીઓની કામગીરીનું રાજ્ય કક્ષાએથી મોનિટરિંગ કરવામાં આવશે. ઓછા પડતર પ્રશ્નો ધરાવતા જિલ્લાઓની કામગીરી વધુ અસરકારક ગણાશે.

### બંને દેશો વર્ષ ૨૦૩૦ સુધીમાં ૭૦ અબજ ડૉલરના વેપારનો લક્ષ્ય હાંસલ કરશે

# CM ભૂપેન્દ્ર પટેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની યાત્રાની શરૂઆત કેનેડાથી કરશે

**કેનેડિયન** ઉદ્યોગપતિ ડૉ. મુકુંદ પુરોહિતે કેનેડા સરકારના કોમર્શિયલ મંત્રી એડ જેગર સાથે ચર્ચા કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.7

ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો હવે માત્ર રાજદ્વારી સ્તર પૂરતા મર્યાદિત રહ્યા નથી, પરંતુ ટેક્નોલોજી, રોકાણ, શિક્ષણ, સ્વચ્છ ઊર્જા અને વેપાર ક્ષેત્રે વ્યૂહાત્મક ભાગીદારી તરફ આગળ વધી રહ્યા છે. આ દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 16 ઓગસ્ટથી કેનેડાની મુલાકાતે જશે, જે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS) અંતર્ગત પ્રથમ વિદેશ પ્રવાસ હશે. તેમની સાથે ચીફ સેક્રેટરી મનોજ દાસ, અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન, સીએમઓના અધિકારીઓ



અને ઉદ્યોગ અગ્રણીઓ પણ જોડાશે.

ગ્લોબલ બિઝનેસ એસોસિયેશનના સ્થાપક અને કેનેડિયન ઉદ્યોગપતિ ડૉ. મુકુંદ પુરોહિતે જણાવ્યું હતું કે, ગુજરાત અને કેનેડા વચ્ચે ટેક્નોલોજી, રોકાણ, ક્રિટિકલ મિનરલ્સ, કૃષિ અને ક્લીન એનર્જી ક્ષેત્રે લાંબા ગાળાની મજબૂત ભાગીદારીની વિશાળ તકો ઉપલબ્ધ છે. કેનેડાની અદ્યતન ટેક્નોલોજી અને મૂડીને ગુજરાતની મેન્યુફેક્ચરિંગ ક્ષમતા, કુશળ માનવબળ અને મજબૂત ઉદ્યોગસાહસિક માળખા સાથે જોડવાથી બંને દેશોને મોટો લાભ મળી શકે છે. તેમણે કેનેડામાં વસતા ગુજરાતી સમુદાયને આર્થિક સેતુ તરીકે વધુ સક્રિય રીતે જોડવાની પણ જરૂરિયાત વ્યક્ત કરી હતી.

તેમણે જણાવ્યું કે વર્ષ 2030 સુધી ભારત-કેનેડા વચ્ચે 70 અબજ ડૉલરના વેપારના લક્ષ્ય તરફ આગળ વધવા માટે ગુજરાત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. કેનેડા સરકારના આંકડા મુજબ વર્ષ 2025માં બંને દેશો વચ્ચેનો વેપાર 13.6 અબજ કેનેડિયન ડૉલર રહ્યો હતો. ગુજરાતમાં વર્ષ 2019થી 2026 દરમિયાન 50.62 અબજ ડૉલરથી વધુનું વિદેશી રોકાણ (FDI) આવ્યું છે. ગિફ્ટ સિટી, ધોલેરા એસઆઈઆર અને લાંબા દરિયાકિનારાને કારણે ગુજરાત કેનેડિયન રોકાણકારો માટે આકર્ષક ગંતવ્ય બની રહ્યું છે. તેમણે ગુજરાત-કેનેડા બિઝનેસ ફેસિલિટેશન ડેસ્ક અને ઈન્ડસ્ટ્રિયલ કોરિડોરની સ્થાપનાની પણ ભલામણ કરી હતી.

## નેપ હેઠળ ઈન્ટર્નશીપ કરનારા વિદ્યાર્થીઓને બે હજાર સહાય મળશે

(પ્રતિનિધિ) વડોદરા તા.7

નવી શિક્ષણ નીતિ (NEP) હેઠળ રાજ્ય સરકારે સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોના વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશીપ દરમિયાન માસિક રૂ.2 હજારની આર્થિક સહાય આપવાનો નિર્ણય કર્યો છે. શિક્ષણ વિભાગના જણાવ્યા મુજબ સ્નાતકના છઠ્ઠા સેમેસ્ટરમાં 120 કલાકની ઈન્ટર્નશીપ ફરજિયાત છે. ભાડા અને ભોજનના ખર્ચને ધ્યાનમાં રાખીને ચાર મહિના સુધી સહાય આપવામાં આવશે. રાજ્યની 500થી વધુ કોલેજોના અંદાજે 5 લાખ વિદ્યાર્થીઓને તેનો લાભ મળશે. આ માટે સરકારે રૂ.42.51 કરોડથી વધુની ગ્રાન્ટ ફાળવી છે. ઉપરાંત ઈન્ટર્નશીપનું આયોજન કરતી દરેક કોલેજને રૂ.50 હજારની સહાય પણ મળશે. વિદ્યાર્થીઓને સહાયની રકમ સીધી તેમના બેંક ખાતામાં જમા થશે. સરકારના આ નિર્ણયથી વિદ્યાર્થીઓને વ્યવહારુ અનુભવ મેળવવામાં પ્રોત્સાહન મળશે અને ઉદ્યોગ-શિક્ષણ વચ્ચેનો સમન્વય વધુ મજબૂત બનશે.

### MS યુનિવર્સિટી ટેકનોલોજી ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓનો વિરોધ

# ABVPનું પરિણામ અને ફી મુદ્દે ડીનને રજૂઆત સાથે ૪૮ કલાકનું અલ્ટિમેટમ

**BE-2 D2Dના** પરિણામમાં ગેરરીતિ અને એરોસ્પેસ વિભાગમાં સુવિધાના અભાવના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ટેકનોલોજી ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓને પડતી વિવિધ સમસ્યાઓને લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ આક્રમક બન્યું હતું. વિદ્યાર્થીઓના પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ કરવાની માંગ સાથે એબીવીપીના કાર્યકરોએ ફેકલ્ટીના ડીનને આવેદનપત્ર આપી 48 કલાકનું અલ્ટિમેટમ આપ્યું હતું.

એબીવીપીના આક્ષેપ મુજબ બીઈ-2 ડીટુડીના પરિણામમાં એસજીપીએ, સીજીપીએ, પર્સનટાઈલ અને પાસ ફેઈલ જેવી મહત્વની વિગતો દર્શાવવામાં આવી નથી. જેના કારણે



વિદ્યાર્થીઓમાં ભારે ગૂંચવણ અને રોષ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓએ આને યુનિવર્સિટી તંત્રની ગંભીર બેદરકારી ગણાવી છે. આ ઉપરાંત એરોસ્પેસ વિભાગમાં આશરે દોઢ લાખ રૂપિયા જેટલી ઊંચી ફી વસૂલવામાં આવે છે, પરંતુ વિદ્યાર્થીઓને જરૂરી લેબોરેટરી અને પ્રાયોગિક સુવિધાઓ આપવામાં ન આવતી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બંને મુદ્દાઓને લઈને એબીવીપીના કાર્યકરો અને વિદ્યાર્થીઓ ટેકનોલોજી ફેકલ્ટીના ડીન એચ. એમ. પટેલને રજૂઆત કરવા તેમની ઓફિસે પહોંચ્યા હતા. જોકે ડીન ઓફિસમાં હાજર ન હોવાથી વિદ્યાર્થીઓએ ઓફિસ બહાર જ જમીન પર બેસીને સૂત્રોચ્ચાર અને રામધૂન કરીને વિરોધ નોંધાવ્યો હતો. એબીવીપીએ ચીમકી આપી છે કે, જો આગામી 48 કલાકમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ નહીં કરવામાં આવે તો વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. જેની સંપૂર્ણ જવાબદારી યુનિવર્સિટી તંત્રની રહેશે.

## દહેજમાંથી પરવાના વગરની દેશી પિસ્તોલ સાથે યુવક ઝડપાયો

(પ્રતિનિધિ) ભરૂચ, તા.7

દહેજ પોલીસ સ્ટેશનની ટીમે ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરીને એક યુવકને દેશી બનાવટની પિસ્તોલ સાથે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી અંદાજે રૂ.20 હજારની કિંમતનું હથિયાર અને એક મેગેઝિન કબજે કર્યું છે.

પોલીસના જણાવ્યા મુજબ, મધ્યરાત્રિ બાદ મળેલી બાતમીના આધારે દહેજના વાડી ફળિયા વિસ્તારમાં રહેતા અનિલકુમાર અરવિંદભાઈ ગોહીલ (ઉં.33)ને કોર્ડન કરી અટકાવવામાં આવ્યો હતો. તેની તલાશી દરમિયાન પેન્ટના જમણા ખિસ્સામાં લાલ રૂમાલમાં વીંટાળેલી દેશી બનાવટની પિસ્તોલ મળી આવી હતી. આરોપી પાસે હથિયાર રાખવાનું કોઈ લાઈસન્સ કે પરવાનગી ન હોવાનું બહાર આવ્યું હતું. દહેજ પોલીસે હથિયાર જપ્ત કરી આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કાલોલ મામલતદારે ગેરકાયદેસર ખનીજ વહન કરતા બે હાઈવા ડમ્પર ઝડપી પાડ્યા

(પ્રતિનિધિ) કાલોલ, તા.7

કાલોલતા ૦૭/૦૮/૨૬

કાલોલ મામલતદાર અને તેમની ટીમ દ્વારા ગેરકાયદેસર ખનીજ વહન કરનારાઓ સામે લાલ આંખ કરીને દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ચેકિંગ દરમિયાન કોઈ પણ પ્રકારના અધિકૃત રોયલ્ટી પાસ કે ડિલિવરી ચલાણ વગર GSB (મોરમ કપચી) ખનીજનું પરિવહન કરી રહેલા બે હાઈવા ડમ્પર ઝડપી પાડવામાં આવ્યા હતા. આ મામલે કાયદેસરની કાર્યવાહી ન કરવા માટે મામલતદાર પર રાજકીય દબાણ પણ લાવવાનો પ્રયાસ કરાયો હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ મામલતદારે કોઈ પણ દબાણને વશ થયા વગર કાયદા મુજબ કડક કાર્યવાહી કરી આગળની તપાસ અર્થે ખાણ ખનીજ વિભાગને જાણ કરી છે. રોયલ્ટી પાસ વગર ૮૯.૫ મેટ્રિક ટન GSB ખનીજ ઝડપાયું મામલતદાર કચેરીની ટીમ દ્વારા કરાયેલા ચેકિંગ દરમિયાન અલગ-અલગ સ્થળેથી બે ડમ્પર પકડાયા હતા: પ્રથમ વાહન: અલીન્દ્રા ખાતે બપોરે



૧૨:૩૦ વાગ્યે ડમ્પર (નં. GJ 23 AY 9139) અટકાવવામાં આવ્યું હતું. જેના ડ્રાઈવર ઈકબાલ જાફરખાન પઠાણ (રહે. ઘુમટા, તા. ઉમરેઠ) પાસેથી તપાસતા અંદાજે ૪૩ મેટ્રિક ટન GSB ખનીજ મળી આવ્યું હતું. બીજું વાહન: બાકરોલ ખાતે બપોરે ૧:૦૦ વાગ્યે ડમ્પર (નં. GJ 23 AW 4631) પકડાયું હતું. જેના ડ્રાઈવર સોઢા અમરસિંહ મોહનસિંહ (રહે. ખાનપુર, તા. ઉમરેઠ) પાસેથી ૪૬.૫ મેટ્રિક ટન GSB ખનીજ મળી આવ્યું હતું. બંને ડ્રાઈવરો દ્વારા આપવામાં આવેલા નિવેદન મુજબ, તેઓ માલિક ખુશભાઈ (રહે. સાવલી)ના કહેવાથી મહીસાગર/મહીનદીના ઉદલપુર ખાતે થી આ ખનીજનો જથ્થો ભરીને મધવાસ ખાતે લઈ જઈ રહ્યા હતા.

## ૧૦ ઓગસ્ટ સુધી એડવાન્સ મિલકત વેરા પર મેળવો ૧૧% સુધીનું આકર્ષક વળતર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

વડોદરા મહાનગરપાલિકા દ્વારા નાગરિકો માટે સને ૨૦૨૬-૨૭ની પ્રોત્સાહક એડવાન્સ વળતર યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ મિલકત વેરો સમયસર ભરીને નાગરિકો નોંધપાત્ર વળતર મેળવી શકે છે. વર્તમાન સમય સુધીમાં, આ યોજના હેઠળ કુલ રૂ. ૧૮૬.૪૫ કરોડની મિલકત વેરાની આવક પ્રાપ્ત થયેલ છે. કુલ ૨,૧૩,૧૧૫ કરદાતાઓએ આ યોજનાનો લાભ લીધો છે, જેમાં ૧,૬૨,૪૮૩ ઓનલાઈન અને ૫૦,૬૩૨ ઓફલાઈન કરદાતાઓનો સમાવેશ થાય છે. પાલિકા દ્વારા અત્યાર સુધીમાં કુલ રૂ. ૧૨.૨૪ કરોડનું વળતર કરદાતાઓને આપવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત ઓનલાઈન પેમેન્ટ કરનાર કરદાતાઓને રહેણાંક મિલકત માટે ૧૧% અને બિન-રહેણાંક મિલકત માટે ૬% વળતર આપવામાં આવે છે, જ્યારે ઓફલાઈન પેમેન્ટ કરનાર કરદાતાઓને રહેણાંક મિલકત માટે ૧૦% અને બિન-રહેણાંક મિલકત માટે ૫% વળતર મળે છે.

### ગરદનની નસ પર દબાણને પગલે લકવાની અસર થઈ હતી

# ગોત્રી હોસ્પિટલમાં ૬ મહિનાથી પથારીવશ દર્દી જટિલ સર્જરી બાદ ફરી પગભર

**આયુષ્માન** યોજના હેઠળ રૂ.4 લાખની સર્જરી મફતમાં, એક મહિનામાં દર્દી સ્વતંત્ર રીતે ચાલતા થયા



(પ્રતિનિધિ) વડોદરા, તા. 7:

શહેરની જીએમઈઆરએસ મેડિકલ કોલેજ સંલગ્ન ગોત્રી હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગે વધુ એક નોંધપાત્ર તબીબી સિદ્ધિ હાંસલ કરી છે. છૂટક મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા 41 વર્ષીય શ્રમજીવી યુવાનને છેલ્લા છ મહિનાથી ગરદનની ગંભીર સમસ્યાના કારણે હાથ-પગમાં લકવાની અસર થતાં તેઓ પથારીવશ બની ગયા હતા. અનેક હોસ્પિટલોમાં દવા અને ફિઝિયોથેરાપી કરાવવા છતાં કોઈ ખાસ સુધારો ન થતાં તેઓ સારવાર માટે ગોત્રી હોસ્પિટલ પહોંચ્યા હતા.

હોસ્પિટલમાં નિઃશુલ્ક એમઆરઆઈ તપાસ દરમિયાન દર્દીને 'સર્વાઈકલ માઈલોપથી' નામની ગંભીર બીમારી હોવાનું સામે આવ્યું હતું. ગરદનના મણકાઓ કરોડરજ્જુ અને નસ પર દબાણ કરતા હોવાથી દર્દીની ચાલવાની ક્ષમતા લગભગ ગુમાઈ ગઈ હતી અને સ્થિતિ સતત ગંભીર બનતી હતી.

હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડો. અનુપ ચંદાનીના માર્ગદર્શન હેઠળ ઓર્થોપેડિક વિભાગના ડો. વિસ્મય કોઠારી, ડો. તરુણ દેસાઈ અને ડો. ચિરાગ ઠક્કરની ટીમે 'સર્વાઈકલ સ્પાઈનલ કોર્ડ ડીકમ્પ્રેશન' જેવી અત્યંત જટિલ સર્જરી સફળતાપૂર્વક કરી હતી. સર્જરી દરમિયાન ગરદનના પાછળના ભાગેથી કરોડરજ્જુ અને નસ પરનું દબાણ દૂર કરવામાં આવ્યું તેમજ મણકાઓને સ્ક્રૂની મદદથી સ્થિર કરવામાં આવ્યા હતા.

સર્જરી બાદ માત્ર એક મહિનામાં દર્દીની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. હવે દર્દી કોઈપણ સહારા વિના સ્વતંત્ર રીતે ચાલી શકે છે, રોજિંદા કાર્યો જાતે કરી શકે છે અને સામાન્ય જીવન તરફ પરત ફરી રહ્યા છે. દર્દી અને તેમના પરિવારજનોએ તબીબોની કામગીરી બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

ખાનગી હોસ્પિટલોમાં રૂ.3થી 4 લાખનો ખર્ચ થતી આ સર્જરી આયુષ્માન ભારત યોજના હેઠળ ગોત્રી હોસ્પિટલમાં સંપૂર્ણ નિઃશુલ્ક કરવામાં આવી હતી. હોસ્પિટલ પ્રશાસને નાગરિકોને અપીલ કરી છે કે ગરદનમાં સતત દુખાવો, ચાલવામાં અસંતુલન, હાથ-પગમાં નબળાઈ અથવા લકવાના લક્ષણો દેખાય તો વિલંબ કર્યા વગર તાત્કાલિક તબીબી તપાસ કરાવવી.

# કાલોલ તાલુકામાં ગેરકાયદેસર રેતી વહન કરતું ટ્રેક્ટર મામલતદારની ટીમે ઝડપી પાડ્યું

(પ્રતિનિધિ) કાલોલ, તા.7

કાલોલ તા ૦૭/૦૮/૨૬

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં આવેલ સમડીયાની મુવાડી વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે ખનીજ વહન કરતા વાહનો સામે મામલતદાર અને સરકલ ઓફિસરની ટીમે કડક કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, ૦૬/૦૮/૨૦૨૬ ના રોજ બપોરે આશરે ૩:૦૦ વાગ્યે તપાસ દરમિયાન GJ 17 C 2200 નંબરના ડમ્પર/ટ્રેક્ટરને સમડીયાની મુવાડી નદી વિસ્તારમાં રોકીને ચેકિંગ કરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન વાહનમાં આશરે ૪ મેટ્રિક ટન સાધી રેતી ભરેલી મળી આવી હતી. વાહનચાલક વણજારા હસમુખજી તેનાજી (ઉંમર આશરે ૨૩ વર્ષ, રહે. ગોલીબાર, તા. કાલોલ, જી. પંચમહાલ) પાસે ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતા દ્વારા માન્ય રોયલ્ટી પાસ, ડિલિવરી ચલણ કે કાંટા પાવતી માંગવામાં આવતા, તેમની પાસે કોઈ પણ પ્રકારના કાયદેસરના આધાર પુરાવા કે રોયલ્ટી પાસ મળી આવ્યા ન હતા. સરકારી/ખાનગી/ગોમા નદીની જમીનમાંથી રોયલ્ટી પાસ વગર ગેરકાયદેસર રીતે ખનીજ ભરીને વહન કરવા બદલ વાહનચાલકે પોતાનો ગુનો કબૂલ્યો હતો. આ સંદર્ભે મામલતદાર કચેરીની ટીમ દ્વારા વાહન અને ગેરકાયદેસર ખનીજનો જથ્થો સીઝ (જપ્ત) કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.


**Dakshin Gujarat Vij Company Limited**

DGVCL

CIN U40102GJ2003SGC042909

**Regd. & Corp. Office : 'Urja Sadan',**

N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT

DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice**

Tender details are put up on www.dgvcl.com (For view & download tender documents) & https://tender.nprocure.com (For view, download and online tender submission).

| Sr. No. | Tender No. | Estimated Cost |
|---|---|---|
| 1 | DGVCL/Corp. office/Civil/2026/Split A.C./ ARC/ 312 | Rs. 7,00,000.00 |

**Note**: Bidders may visit the above website/s for regular updates till opening of the tender.

**ACE (P), DGVCL, Surat.**


# હાલોલથી ગંભીર હાલતમાં માતાને લઈ આવેલા યુવકની આપવીતી, હોસ્પિટલના વલણ સામે રોષ

**એક્સ-રે** બાદ સોનોગ્રાફી કઢાવવા ગયેલા યુવક સાથે સ્ટાફ દ્વારા અમાનવીય વર્તન કરાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

શહેરની સયાજી હોસ્પિટલ ફરી એકવાર પોતાની વ્યવસ્થા અને સ્ટાફના અસંવેદનશીલ વલણને લઈને વિવાદમાં આવી છે. હાલોલથી પોતાની ૮૦ વર્ષીય ગંભીર બીમાર માતાને સારવાર અર્થે લઈને આવેલા એક યુવક સાથે હોસ્પિટલના જ સ્ટાફ દ્વારા દુર્વ્યવહાર કરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

મળતી માહિતી મુજબ, હાલોલના રહેવાસી એક યુવક પોતાની ૮૦ વર્ષીય વૃદ્ધ માતાની તબિયત લથડતાં તેમને અત્યંત ગંભીર હાલતમાં વડોદરાની સયાજી હોસ્પિટલમાં લઈને આવ્યા હતા. માતાની હાલત નાજુક હોવાથી તેઓ સતત ઓક્સિજન સપોર્ટ પર હતા. હોસ્પિટલની પ્રોટોકોલ મુજબ ડોક્ટરોએ દર્દીનો એક્સ-રે કઢાવ્યા બાદ સોનોગ્રાફી કરાવવા માટે જણાવ્યું હતું.




માતાની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને પુત્ર તાત્કાલિક ધોરણે સોનોગ્રાફી થઈ જાય તે માટે સોનોગ્રાફી વિભાગના કાઉન્ટર પર પહોંચ્યો હતો. તેણે ડ્યુટી પર હાજર સ્ટાફને નમ્રતાપૂર્વક વિનંતી કરી હતી કે, મારી માતાની તબિયત ખૂબ જ ગંભીર છે અને તેઓ ઓક્સિજન પર છે, તો કૃપા કરીને વહેલી તકે સોનોગ્રાફી કરી આપો.

માનવતાના ધોરણે તાત્કાલિક મદદ કરવાને બદલે સોનોગ્રાફી વિભાગના સ્ટાફનો પારો ચડી ગયો હતો. ગંભીર દર્દીના પુત્રની વેદના સમજવાને બદલે ઉલટાનું તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને યુવક સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું હોવાનો આક્ષેપ છે. એટલું જ નહીં, સ્ટાફ દ્વારા જાહેરમાં યુવક સાથે અભદ્રભાષા નો ઉપયોગ કરી ગાળાગાળી કરવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

# વારસિયા વિસ્તારમાં પથ્થર મારો કરીને આતંક ફેલાવનાર ત્રણ ઝડપાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં આવેલી વાસવાણી કોલોની વિસ્તારમાં મહિલાને ગાળો આપી બોલાચાલી અને ઝપાઝપી કરવા સાથે પથ્થર મારો કરી નુકસાન પહોંચાડવાના બનાવમાં કુંભારવાડા પોલીસે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં બુટલેગર સહિતના આરોપીઓએ મહિલાઓ સાથે ઝઘડો કરીને તેમના ગાળા ગાડી આપી હતી અને ત્યારબાદ ભારે પથ્થર મારો પણ કર્યો હતો જેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા પોલીસ એક્શનમાં આવી ગઈ હતી.કુંભારવાડા પોલીસે CCTV ફૂટેજ, ટેક્નિકલ સર્વેલન્સ તથા હ્યુમન સોર્સની મદદથી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન વિશાલ અશોક લાલવાણી, વિપુલ વિજય વાઘેલા અને દિપક ધર્મેશ મારવાડીને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ આરોપી બૂટલેગર વિશાલ લાલવાણી સામે અગાઉ પ્રોહિબિશન, જુગારધારા સહિતના પાંચ ગુના નોંધાયેલા છે. ત્રણેય આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.


**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

DGVCL

CIN U40102GJ2003SGC042909

**રજી. અને કોર્પોરેટ કચેરી: 'ઊર્જા સદન'**

નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત – ૩૯૫૦૦૬

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**ખેતી વિષયક ફિડરોના વીજ પુરવઠાના સમયમાં ફેરફાર અંગેની જાહેરખબર**

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે હલદરવા વિભાગીય કચેરી હેઠળના આવતા ૬૬ કેવી બોરી સબ-સ્ટેશનથી નીકળતા નીચે જણાવેલ ખેતીવાડી ફિડરોનો રોજનો ચાલુ અને બંધ થવાના સમયમાં ૦૯.૦૮.૨૦૨૬ (રવિવાર) થી ખેતીવાડી ગ્રુપ સમયમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ છે, જેની નોંધ લેવા વિનંતી છે.

| અ. નં. | સબ-સ્ટેશનનું નામ | ખેતીવાડી ફિડરનું નામ | ખેતીવાડી ગ્રુપ | હાલનો ગ્રુપ સમય | હવે પછીનો ગ્રુપ સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી બોરી સબ-સ્ટેશન | ૧૧ કેવી દાંડી એજી ફિડર | DB2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |

સદર ગ્રુપ પ્રમાણે વીજ પુરવઠાના સમયનો અમલ તારીખ ૦૯.૦૮.૨૦૨૬ થી ૦૦:૦૦ કલાક થી કરવામાં આવશે.

ઉપર જણાવેલ ગ્રુપ પ્રમાણે ખેતી વિષયક ફીડરોની વિગત જે તે વર્તુળ /વિભાગીય /પેટા વિભાગીય કચેરીઓના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે .જેની ખેતીવાડી વીજવપરાશ કરતાં ગ્રાહકોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

વિશેષ મુખ્ય ઈજનેર (સી.એન્ડ આર.), દ.ગુ.વી.કં.લિ., સુરત

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી નો ઉપયોગ કરો અને વીજ અકસ્માતો ટાળો



**આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: ઓફિસ નં. 501 અને 503, 5મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ ઉપનગર જિલ્લો, મહારાષ્ટ્ર - 400072

રાજપીપળા શાખા: G-53, ગ્રાઉન્ડ ફ્લોર, સુર્યા પ્લાઝા કોમ્પ્લેક્સ, સંત હરચંદ રોડ, રાજપીપળા - 393145

**પરિશિષ્ટ IV – કબજા નોટિસ (અચલ મિલકત માટે)**

નીચે સહી કરનાર સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002 હેઠળ આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડના (AHFL) અધિકૃત અધિકારી છે, અને કલમ 13 (12) ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખીત ઋણ લેનારાઓ- ગારન્ટર્સને ડિમાન્ડ નોટીસ જારી કરી હતી જેમાં તેમને નોટીસમાં ઉલ્લેખીત બાકી નીકળતી રકમ વ્યાજ સહિત તે નોટીસ મળ્યાના 60 દિવસમાં ચુકવવા કહેવાયું હતું. ઋણ લેનાર તે રકમ પરત કરવામાં નિષ્ફળ ગયા હતાં આ કારણથી ઋણ લેનારાઓ-ગારન્ટર્સ અને સામાન્ય જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે ઉપરોક્ત કાયદાની કલમ 13 (4)ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી નીચે ઉલ્લેખીત મિલ્કતોનો કબ્જો મેળવ્યો છે.ઋણ લેનારાઓનું ધ્યાન મિલ્કત ફરીથી મેળવવા માટે સમયની ઉપલબ્ધતા અંગે ઉપરોક્ત કાયદાની કલમ 13ની પેટા કલમ (8) પર દોરવામાં આવે છે. ખાસ કરીને અહીં ઉલ્લેખીત ઋણ લેનારા અને સામાન્ય જનતાને અહીં ચેતવણી આપવામાં છે કે અહીં ઉલ્લેખીત મિલ્કત સાથે કોઈ સોદો ન કરે અને આ મિલ્કત સાથે કોઈ પણ સોદો અહીં ઉલ્લેખીત રકમ સાથે તેના પર વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે AHFLના આધીન રહેશે.

| ક્રમાંક | ઉધાર લેનાર/સહ-ઉધાર લેનારનું નામ અને શાખા | સુરક્ષિત મિલકતનું વર્ણન (અચલ મિલકત) | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. 48610000049 / રાજપીપળા શાખા) સુરેશભાઈ વસાવા (ઉધાર લેનાર) કસ્તુરબેન સુરેશભાઈ વસાવા (સહ-ઉધાર લેનાર) | મિલકતના તમામ ભાગ G.F. મિલકત નં. 514 ( મિલકત નં. 499ના ટેક્સ બીલ મુજબ), પાળિયા ગ્રામ્ય રોડ, મિલકત નં. 54 (મિલકત નં. 499ના ટેક્સ બીલ મુજબ), વિ કેવડી તા. દેડિયાપાડા, જિલ્લો નર્મદા, ગુજરાત - 393041. હદ: પૂર્વે: કેધિયાવસ્તાભાઈના ઘર પછીનો રસ્તો; પશ્ચિમે: સકરિયાભાઈના ઘર પછીનો રસ્તો; ઉત્તરે: દેવજીભાઈ બોઠડાભાઈનું ઘર; દક્ષિણે: કુંવરજી અરસિંહનું ઘર | 14-04-2026 & ₹ 6,90,168/- | 06-08-2026 |

સ્થળ: ગુજરાત

તારીખ: 08.08.2026

અધિકૃત અધિકારી

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ